# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૦ અંક : ૨૪૯

પ્રમુખ

**સુશીલ ધીરજલાલ કાપડિયા**

મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી

**પ્રેમચંદ કેશવજી છેડા**

મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા

**દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક

**રમેશ મણીલાલ શાહ**

ફોન. ૨૪૭૫ ૧૮૭૫,

મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩

email : hydkmm@gmail.com

Web : www.kutchibhavanhyd.org

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

**Jai Jinendra**

**The world is developing in leaps and bounds technologically and if we do not adopt the latest technology we will be left behind.**

**At business or at home the latest technology and techniques need to be used and implemented. This will lead to huge cost savings in terms of money & time. For example : If we change our entire system of lighting to LED, we save a lot of energy and also on bills.**

**In business, if we adopt the latest management Information system and if we have the latest information at any given time, we can take decisions needed to improve on the situation required at the moment, so that we can do damage control, if required.**

**Apart from adopting the latest technology we should maintain our culture which are thousands of years old.**

**The respect for elders and to consume our time tested food and to get up and to sleep on time to exercise regularly etc. and which eventually means that discipline needs to be maintained life long on day to day basis.**

**I hope that all of us will contribute to the growth of the samaj by giving new ideas and strategies to improve our activities and also to improve our lives.**

## કચ્છી ભવન બુકીંગ અંગે :

**નોન મેમ્બરની ભવન બુકીંગ હમણાં સુધી ૯૦ દિવસે કન્ફર્મ થતી હતી જે તા. ૧-૪-૨૦૧૬ થી અમલમાં આવે એ રીતે ૧૨૦ દિવસે કન્ફર્મ કરવાનું તા. ૨૫-૧-૨૦૧૬ની મંડળના ટ્રસ્ટબોર્ડ તથા કારોબારીની સંયુક્ત સભા ક્રમાંક ૯ માં સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ છે જેની મંડળના સભ્યોએ નોંધ લેવા વિનંતિ.**

**- માનદ્ મંત્રી**

હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો

**www.kutchibhavanhyd.org., http://www.asanjokutch.com**



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- તા. ૫-૩-૨૦૧૬ નાં મહિલા સમિતિ દ્વારા વુમન્સ ડે નિમિત્તે એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- તા. ૧૩-૩-૨૦૧૬ નાં સ્કિલ ડેવલપમેન્ટ સમિતિ તરફથી શ્રીમતી નયન પુટલાનીના એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો હતો.
- તા. ૧૩-૩-૨૦૧૬ નાં શાંતિ પ્રાયમરી સ્કુલનાં વિદ્યાર્થીઓ તરફથી ૧૦મું એન્યુઅલ ડે ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સ્કુલના વિદ્યાર્થીઓએ ખુબજ ભવ્ય સાંસ્કૃતીક કાર્યક્રમોની રજુઆત કરેલ, વિદ્યાર્થીઓ અને સ્કુલનાં ટીચર્સે ખૂબજ સારી મેહનત કરેલ-ખૂબ ખૂબ અભિનંદન. માતુશ્રી શાંતાબેન હીરજી ગોસર તરફથી સ્કુલનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ગીફ્ટનું વીતરણ કરવામાં આવ્યું તેઓશ્રીનો ખુબ-ખુબ આભાર.
- ભવનમાં ચાલતા બન્ને દવાખાનાંમાં એ.સી. લગાવવામાં આવેલ છે.
- ભવનનાં ગ્રાઉન્ડ ફ્લોરના સ્ટેજ ઉપર ચાર નવા પંખા લગાવવામાં આવેલ છે.
- તા. ૨૭-૩-૨૦૧૬ ના રવિવારે શાંતિવન સમિતિ દ્વારા એક પર્યટનનું ગોલ્ડન રીસોર્ટમાં આયોજન કરવામાં આવ્યું હતુ. સુવ્યવસ્થિત આયોજન માટે સંચાલકને અભિનંદન.



## સંપાદકીય

સંપાદિકા : **દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

અનંતકાળથી પૃથ્વી ઉપર સુરજ અને ચંદ્રમાં રોજ નિયમિત ઉગે છે અને આથમે છે. પણ પૃથ્વી ઉપર થોડા દસકાઓથી ઘણું બધું બદલાઈ ગયું છે. એક સમય રૂતુઓનું આગમન નિશ્ચિત હતું. શિયાળો, ઉનાળો, ચોમાસુ, પાનખર, વસંત રૂતુ ચોક્કસ સમયે રહેતા. હાલ દુનિયામાં કમોસમની ગરમી, વરસાદ, સ્નો પડવું, વાવાજોડું આવવું ઈત્યાદી સાધારણ બાબત બની ગઈ છે. સાધન સંપત્તીની હોડમાં પૃથ્વી ઉપરનો મનુષ્ય બે રોકટોક કુદરતી સાધન સંપત્તી એટલી ઝડપથી લુંટી રહ્યો છે કે કુદરતે પણ બેલેન્સ ગુમાવી દીધેલ છે. હવામાનની આગાહી કરનાર વિભાગના અફસરો પણ માથું ખંજવાળતા રહી ગયા છે.

આપણા દેશમાં લોકોની ખાવાપીવાની પસંદગી આદતો પણ અચાનક બદલી ગઈ છે. આસરે ૧૦/૧૫ વર્ષ પહેલા પ્રાંત પ્રાંતના લોકોના સવારના નાસ્તાના મેન્યુમાં હતું બાજરા-જવારના રોટલા, પંજાબમાં આલુ-મુલીના પરોઠા, મહારાષ્ટ્રમાં ઉસલ પાઉં અને સાઉથમાં પ્રખ્યાત ઈડલી વડા ઢોસા. હવે અનેક ઘરોમાં કોર્ન ફ્લેક્સ અને ચોકોસ દેખાય છે. બપોરના રોટલી દાળભાત શાકની જગ્યાએ પીઝા બર્ગર દેખાય છે. બપોરના મેગી. સાંજના ખીચડી કઢી ભાખરીની જગ્યાએ પાઉં ભાજી, ફ્રેંકી વગેરે. મલ્ટી નેશનલ કંપનીઓની પ્રચંડ પ્રચાર જાળમાં આપણે એટલા બધા અંજાઈ ગયા છીએ કે સદીઓથી ચાલતી આવેલ આપણી પ્રથાઓ ભુસાઈ જઈ રહી છે.

આપણી જુની ખાનપાનનો મેન્યુ પ્રાંતપ્રાંતમાં ઉગતી અનાજની ફસલ, રૂતુ તથા શરીરને જરૂરી પોપક તત્વો મળી શકે તેવી રીતે આપણા પુર્વજોએ ગોઠવેલ છે. ક્યાંક ચોખા, ક્યાંક ઘઉં, બાજરો, જવારી.... અત્યારે ઈમ્પોર્ટેડ મેન્યુમાં મેંદો મુખ્યત્વે છે અને બાકી ચીઝ વગેરેમાં ફેટનો પ્રમાણ વધારે છે. એટલેજ પાશ્ચાત મેન્યુ જંક ફુડ તરીકે ચોળખાય છે.

**યુવા પ્રજાને આપણી જુની ખાણી પીણી તરફ વાળવા / આકર્ષવા માટે આપણે શું કરવું જોઈએ ? આપના વિચારો આવકાર્ય છે. લેખિત વિચારોને નિયાપોમાં સ્થાન આપવામાં આવશે.**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

સહર્ષ જણાવવાનું કે મૂઠીભર અનાજ યોજનાને ૧૧ વર્ષ પુરા થયા અને ૧૨માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. આ યોજનાની સફળતા આપ સૌ મંડળના સભ્યોને આભારી છે જેથી આપ સૌનો ખુબખુબ આભાર. આ પ્રસંગે આપ વડિલોને વિનંતી કે આ માનવસેવાના કાર્ય માટે આપના યુવા બાળક-બાળકીઓને વોલીન્ટર માટે નામ નોંધાવવા વિચારશો.

વિશેષમાં પ્રતિ વર્ષ મૂજબ માનવ સેવા સંઘ તરફથી ઉનાળાની સીઝન દરમ્યાન છાસ-વિતરણ યોજના હરિદ્વાર હોટલની સામે યોજવામાં આવેલ છે. એક દિવસનો નકરો રૂા. ૭૦૦૦/- રાખવામાં આવેલ છે. આ યોજનામાં આપની ઈચ્છા મૂજબ રકમ લખાવી શકો છો. આ માટે આપ શ્રી હિતેન સંઘોઈ નં. ૯૮૪૯૧ ૬૪૨૨૧ નો સંપર્ક કરવા વિનંતી.

**આવેલ દાનની વિગત :**

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| એક સદગ્રહસ્થ તરફથી | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | - |
| શ્રી નેમજી કાનજી ધરોડ પૌત્ર-પૌત્રીના જન્મદિન નિમિત્તે | ૧૦૦૦ | ૧૦૦૦ | - | ૧૦૦૦ | - | - |
| પ્રીતી પારસ મોજારીયા-હાઈટેક | - | ૧૦૦૦ | ૨ | ૧૦૦૦ | - | - |
| પુષ્પાબેન કે. સંઘવી | - | ૫૦૦ | - | - | - | - |
| ચંપાબેન એન. મોમાયા | ૫૦૦ | - | - | ૫૦૦ | - | - |
| એક સદગ્રહસ્થ તરફથી | - | - | ૧ | - | - | - |
| સ્વ. વસંતલાલ છોટાલાલ સાવલા ગામ કોડાયવી સ્મૃતિમાં | - | ૫૦૦ | ૧ | ૫૦૦ | - | ૫૦૦ |


**VIDEO TO DVD**

**Double your money in 6 months (White Money only)**

**Cell : 93476 49457, 73067 09298**

**93953 47264, 93924 18463**

(જા.ખ.)

Pick up & Drop

**CHERIAN NATIONAL**

**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad

**Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

# શ્રી ભલારા ભક્તી મંડલ હૈદરાબાદ

આયોજીત

## સમુહ પાઠ તથા પહેડી

**ચૈત્રીપૂનમ શુક્રવાર તા. ૨૨ એપ્રીલ ૨૦૧૬ ગોધુળી વેળાયે**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, રામકોટ, ઈડનબાગ, હૈદરાબાદ**

**લાભાર્થી પરિવાર :** ભલારા ભક્ત **શ્રી કુલીનભાઈ ટોકરશી ધુલ્લા,** સુથરી, હાલ હૈદરાબાદ સહર્ષ જણાવવાનુ કે પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ ભલારા દાદા નું સમુહ પાઠ તથા પહેડી નું આયોજન કરવામાં આવેલ છે. સમય સર હાજર રહી શ્રી ભલારા દાદા ના પાઠ જ્યોતના દર્શન લઈ પ્રસાદીનો લાભ લેશોજી.

**શ્રી ભલારા ભક્તી મંડલ, હૈદરાબાદ**

વધુવિગત માટે સંપર્ક : **શ્રી ગુલાબચંદ પદમશી મોતા, - ૯૪૪૧૯ ૧૬૧૪૨**

**શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા - ૯૨૪૬૫ ૨૧૦૬૬**

**શ્રી હંસકુમારરાયચંદ સાયલા - ૯૨૪૬૫૩૨૫૪૫**

(જૂ.ખ.)



# હાર્દિક સ્નેહાંજલિ

## દુર્લેશ નરેન્દ્ર દેવશી વોરા

ભત્રીજો : મહેન્દ્ર દેવશી વોરા

મુંદ્રા કચ્છ (હૈદરાબાદ)

**આપનો આત્મા પરમ શાંતિ પામે એવી પરમાત્માને પ્રાર્થના....**

**માતુશ્રી ચંપાબેન નરશી વેલજી મોમાયા પરિવાર**

વારાપધર, કચ્છ

ચૈતન્યપુરી - હૈદરાબાદ

(જૂ.ખ.)

# શાંતિવન સમિતિ

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાવલા**
ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

**શાલીનતા થી ભરપૂર...., તીર્થ સ્વરૂપ એવા અમારા...., વડિલોને લાખ-લાખ...., નમન....,**

**સરલ સ્વભાવી...., મીતભાષી...., તીક્ષ્ણ બુધ્ધીમતા....**

એવા એમના ગુણોનો જ્યાં થાય છે સન્માન એ છે "શાંતિવન-સમિતિ". મીત્રો "શાંતિવન-સમિતિ" એટલે સંવેદનાનો અહેસાસ છે. એનો અનુભવ રવિવાર તા. ૨૭-૩-૨૦૧૬ ના આયોજીન પિકનીકના પ્રસંગે થયો. બે બસ દ્વારા લગભગ ૧૦૦ જણ આ પિકનીકમાં જોડાયા. સવારના બસ દ્વારા પિકનીક માટે રવાના થતી વખતે પ્રત્યેકની આંખોમાં જે ઉત્સુકતા વાંચવા મળેલ એ ખરેખર ન્યારી હતી.

ગોલ્ડન ફાર્મ હાઉસ પહોંચ્યા પછી સવારના ચા-પાણી નાસ્તો પતાવ્યા, પછી ગેમ રમવાની શરૂઆત થઈ. ગુલાબી, ગ્રે, પીળો, નારંગી તથા નાગડા કાંડે રીબન બાંધી પાંચ ગ્રુપ બનાવવામાં આવ્યા અને લગભગ ૧૦/૧૨ ગેમ્સ રમાડવામાં આવેલ. આ બધા ગેમના સરેરાસ માર્કસ ભેગા કરી પહેલું તથા બીજું ઈનામ આપવામાં આવેલ. પહેલુ ઈનામ નાગડા ગ્રુપ તથા બીજુ ઈનામ ઓરેન્જ (નારંગી) ગ્રુપના ફાળે ગયેલ. બધા ગ્રુપમાં વીસ સભ્યો હતા. પહેલું ઈનામ પ્રત્યેકને રૂ. ૧૦૦ તથા બીજુ ઈનામ પ્રત્યેક રૂા. ૫૦નું આપવામાં આવેલ. રમતગમતનાં આયોજન શ્રી હિતેનભાઈ સંઘોઈ તથા શ્રીમતી નીતાબેન માલદેએ ખૂબજ કુશળતાથી કરેલ હતો જેના કારણે પિકનીકમાં આવેલ પ્રત્યેક વ્યક્તિએ એનો લાભ લીધેલ. બપોરના છ વાગે મેસર્સ નિલગીરીશએ પીરસેલ સ્વરૂચીભોજનનો આનંદ માણેલ. પછી કલાકવાર ત્યાં પાથરવામાં આવેલ ગાદલા ઉપર આરામ ફરમાવી આગળની ગેમ્સ રમવા પૂર જોશથી તૈયાર થઈ ગયા.

શાંતિવન સમિતિ આયોજીત નિબંધ સ્પર્ધા **શાંતિવન સમિતિ પાસેથી મારી અપેક્ષાઓ તથા હું શાંતિવન સમિતિ માટે શું કરી શકુ છું.** જેમાં બે નિબંધ આવેલ. પુરૂસ્કૃત નિબંધ શ્રી રમેશભાઈ શાહે વાંચી સંભળાવેલ તથા પિકનીકમાં હાજર મિત્ર મંડળના સહમંત્રી શ્રી દિનેશભાઈ ગોશર તથા શ્રી નવીનભાઈ છેડાના હસ્તે શ્રી રમેશભાઈને પુરુસ્કારથી સન્માનીત કરવામાં આવેલ.

તંબોલાના બે રાઉંડ રમાડવામાં આવેલ. પહેલો રાઉન્ડ શાંતિવન સમિતિ તરફથી તથા બીજો રાઉન્ડ ટીકીટોના વેંચાણ કરી રમાડવામાં આવેલ. આ દરમ્યાન ત્રણ લક્કી ડ્રૉ કાઢવામાં આવેલ. પ્રથમ શ્રીમતી ભાવનાબેન સંજય સાવલા, દ્વિતીય શ્રીમતી હીરાબેન દંડ તથા તૃતીય શ્રી અરવિંદભાઈ રાણા ને ઈનામો આપવામાં આવેલ. છેલ્લે હાઈટી ના રૂપે પાઉંભાજી તથા પુલાવ કઢી ને માન આપી બધા પાછા ફરવા બસમાં બેઠા. અમો કાંઈક પામવાની ખુશી તથા આયોજકોને સત્કાર્ય માટેના આશીષ વચન આપતા સહુકોઈ પાછા હૈદરાબાદ ફર્યા.

મારા સહસંચાલક શ્રી ધીરજભાઈ ધુલ્લા, સહકાર્યકર્તા શ્રી હિતેનભાઈ સંઘોઈ, શ્રી મહેન્દ્રભાઈ વોરા, શ્રીમતી નીતાબેન માલદે, શ્રીમતી દર્શનાબેન દેઢિયાના અગાથ મહેનતથી આવા સુંદર કાર્યક્રમનું આયોજન થયેલ. ગોલ્ડન ફાર્મ હાઉસ ઉપલબ્ધ કરાવી આપવા શ્રી સંજયભાઈ સાવલા, પર્યટન માટેની બસના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી નરશી, સામાનની હેરફેર માટે ટ્રક ઉપલબ્ધ કરી આપવા શ્રી ધીરેનભાઈ ધરોડ, તથા કુલર ઉપલબ્ધ કરાવવા માટે શ્રી લક્ષ્મણ ભાઈ, સ્વાદિષ્ટ ભોજન માટે મેસર્સ નિલગીરીશ, પિકનીક ના અહેવાલ તથા ફોટા K Hyd માં મોકલાવવા શ્રી પંકજ વલ્લભજી સાવલા, નાના મોટા કામ માટે કચ્છી ભવનના શ્રી કનુભાઈ પટેલ તથા પ્રત્યક્ષ અને પરોક્ષ મદદ કરનાર સર્વેનું ફરી ફરી આભાર.

હવે આપણે રાહ જોઈશું..... **WHAT NEXT**

# DANCE CLASSES

**Join me to rock the floor by learning amazing dance moves & make your summer a fascinating one.**

**For ladies & kids (age 4 to 15 years)**

**Just for Rs. 500/-**

For details contact :

**SNEHA GALA**

Ph : **9573127202**





## Designer Kurties, Dress Materials & Western Outfits



ડિઝાઈનર કુર્તીઝ અને ડ્રેસ મટેરિયલ્સ નો ભરપુર સ્ટોક, ખાસ આકર્ષણ (સમર સ્પેશિયલ કલેક્શન) અને ફેન્સી વેરાયટીસમાં બધીજ સાઈઝો ખાસ કરીને XXL & XXXL સાઈઝમાં ઉપલબ્ધ છે. સાથે જ વેસ્ટર્ન આઉટ ફિટ્સ પણ મળશે. એક વખત અવશ્ય પધારીને ખાતરી કરો નિરાશાથી બચવા જલદીથી જલ્દી પધારો.

Contact : **JIGNA GOSAR**

202, Shrada Apartments, 3-4-9, Dr. Bhumanna Lane,
Barkatpura, Hyderabad - 500 027
Ph : 89775 48140

(જા.ખ.)

## Shanti Primary School

Sanchalak : **Mr. Hemang M. Momaya**
**Ph : 98851 01010**

**School reached the fag-end of this academic year by celebrating its 10th Annual Day Programme held on 13th March 2016. Managing Trustee Shri Dhanji Lakhamsi Savla and all Committee members inuagurated the programme by lighting the lamp. Nursery to VI class students performed colourful dances. After the colourful dances, there was a prize distribution ceremony which was done by all the working committee.**

**Shri Sureshchandra Hirji Gosar sponsored return gifts to all the students of the school. Momentoes were given to all the staff members of the school as a token of appriciation sponsored by Mrs. Lata Manikant Meghji Momaya. She also sponsored ice-cream for all the students of the school. After the colourful and dazzling 10th Annual Day programme, the students were busy with their fast approaching final exams held on 20th March to 9th April 2016.**

**As we bid adieu to this academic year 2015-2016, the school is glad to inform you that it was an eventful year with plethora of events and celebrations. The school paid rich tribute by holding activities like speech, dance, contest, art and craft, science exhibition etc.**

**We hope to see every child on the very first day of the next academic year (Second week of June) fully refresh, enthusiastic, eager and committed to be a better student.**

**ADMISSIONS ARE IN PROGRESS**

---

## સંસ્થા સમાચાર

❖ **કચ્છી વીશા ઓસવાલ સમાજ, હૈદરાબાદ :** ક.વી.ઓ.સમાજ હૈદ્રાબાદ ત્થા કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ - હૈદ્રાબાદના સહીયારો કાર્યક્રમ. હૈદ્રાબાદ સીકંદરાબાદના યુવક-યુવતિઓનો સગપણ સમ્મેલન ‘‘પરિચય મિલન’’નો આયોજન તા. ૬-૩-૨૦૧૬ ને રવિવાર ના કચ્છી ભવન મધ્યે રાખવામાં આવેલ જેમાં ૬૬ ઉમેદવારોએ ભાગ લીધેલ. દરેક ઉમેદવારો ના વડીલોની પણ હાજરી હતી. કાર્યક્રમની સુંદર વ્યવસ્થા હતી, મુંબઈથી પધારેલ શ્રી અતુલભાઈ ભેદાએ સામાજીક ઢાચાં પર અને સમાજની હાલની સમસ્યાઓ પર વિચારો પ્રગટ કરેલ. કાર્યક્રમના મુખ્ય દાતા હતા અલ્કાવોચ કાં (શ્રી ગુલાબભાઈ પદમશી મોતા) બન્ને સમાજ ના કાર્યકરોએ કરેલ મહેનત માટે અભિનંદન મુખ્યદાતા તથા સહાયક દાતાઓનો ખૂબ આભાર, ભાગ લેનાર ઉમેદવારો ત્થા એમના પરિવારનો પણ આભાર. ભાગ લેનાર ના બાયોડેટા તથા ફોટા સાથે પુસ્તીકા છાપવામાં આવેલ છે. પ્રથમ પ્રયાસ હતો ભવિષ્યમાં બીજો આયોજન વિચારણા હેઠળ છે.

## જીવન ચક્ર

### પુત્રી જન્મ

| | | | |
|---|---|---|---|
| શોભના કિરણકુમાર દેવચંદ ગાલા | | બાડા | હૈદ્રાબાદ |

### અવસાન નોંધ

| | | | |
|---|---|---|---|
| કુલીન મણીલાલ છેડા | (ઉ.વ. ૬૩) | સુજાપુર | હૈદ્રાબાદ |
| વસંતલાલ છોટાલાલ સાવલા | (ઉ.વ. ૭૬) | કોડાય | હૈદ્રાબાદ |

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

## BHAVANA TOURS & TRAVELS

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)

## છેડા ટ્રાવેલ્સ

ઈનોવા, વીસ્ટા, ઈન્ડીકા, તુફાન, ટ્રાવેરા, બસ વગેરે

કાર ભાડેથી મેળવવા A/c. - Non A/c.

સંપર્ક : હીરાચંદ એલ. છેડા (સુથરીવાળા) - ૯૮૭૯૩ ૫૭૨૪૬

C/o. સવાણી ટ્રાન્સપોર્ટ, ભીડ બજાર, ભુજ - કચ્છ.૩૭૦ ૦૦૧



(જા.ખ. ૬-૨૦૧૬)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

## લક્ષ્મીચંદ કેનિયા M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ. ૩-૨૦૧૬)

20 Days Medicine only Rs. 350/-

## AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

Ph : 9395347264, 9392418463, 040-27564183

(જા.ખ. ૧૨-૨૦૧૬)

Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage

LOGO Designing, Broucher & Souvenir Priting



## CHANDRAPRABHA GRAPHICS

Paras Ramesh Jagirdar 66680780, 40047999

## TUITIONS FOR LKG TO X CLASS STUDENTS

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.

TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337

(જા.ખ.)

# DONATE EYES - LIVE TWICE

Shanti PRIMARY SCHOOL ★Hyderabad★

# SHRI KUTCHI MITRA MANDAL

SANCHALIT

MATUSHREE SHANTABEN HIRJI KANJI GOSAR

## Shanti PRIMARY SCHOOL

AMRAT - KAVITA KAPADIA BHAVAN

## SALIENT FEATURES

- ★ Classes from Nursery to VI.
- ★ Spacious and Airy Class Rooms.
- ★ Qualified trained and experienced Teachers.
- ★ Nursery section equipped with the necessary furniture, toys and play material.
- ★ A nice play ground with play items.
- ★ Audio-Visual classes for Nursery to VI.
- ★ Extra Curricular activities like Dance, Yoga, Drawing, Arts and Craft.
- ★ Library Room to inculcate the reading habit in every student.
- ★ Each child is given the opportunity to participate in events like Annual/Sports day, Science and Craft Exhibition, etc.
- ★ Educational and Recreational Tours for Students.
- ★ Well Equipped Computer Lab.
- ★ Medical Check - up for Students.

3-4-1013/5, Rajendra Colony, Lane opp. to Kachiguda Railway Station, Barkatpura, Hyderabad - 500 027.

Tel. No.: 040 - 27566477, Email: Kmmshkg.shantiprimaryschool@gmail.com

YOU TURN
*an awareness*



# (JYF) જૈન યુથ ફોરમ
# અને
# શ્રી હૈદ્રાબાદ આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ
# યોજે છે
# ‘ધર્મ મંથન’

હૈદ્રાબાદના ધમાલીયા જીવનમાં **‘ધર્મ મંથન’** કરી જીવન જીવવાની સમીક્ષા કરવી જોઈએ.

ધર્મ અને જીવનનું સમતોલન અત્યંત જરૂરી છે.

**‘ધર્મ મંથન’** એક એવો પ્રયાસ છે,
જેમાં ધર્મની સમજણ સાથે જીવન જીવવાની શૈલી કંડારવામાં આવશે.

Speaker: **JYF નીહાર સુરેશ ધરોડ (છસરા)**

Subject: **કલ, આજ ઔર કલ**

Venue: **Kutchi Bhavan, Eden Bagh, Ram Kote, Hydrabad.**

Date: **24th April, 2016, રવિવાર.**

Time: **10:00 - 12:00 am.**

Contact: **જયેશ જાદવજી મામણીયા(હૈદ્રાબાદ) : 94408 90437**
**મનોજ હીરજી સાવલા (હૈદ્રાબાદ) : 98497 74845**
**JYF નયન રવીલાલ દેઢીયા (ગજોડ) : 9987539649**
**JYF હર્ષ જયંત ગડા (ગુંદાલા) : 9004030201**
**JYF કેતન દામજી ગાલા (વડાલા) : 9869244341**

હૈદ્રાબાદમાં **‘ધર્મ મંથન’** દરેક મહીનાનાં ચોથા રવિવારે યોજાશે.

(જૈ.પ્ર.)

એક બીજાને ગમતાં રહીએ | **સમતા રાખો** | શાંત પળોમાં વિચારજો

www.jainyouthforum.org

YOU TURN an awareness STOP • THINK • TURN • ACT

# JYF જૈન યુથ ફોરમ

... સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ

Off C/o: V Ply, Dimond Mansion, Worli, Mumbai - 18. Mo: 9820288265

## જૈન યુથ ફોરમ (JYF) દ્વારા આયોજીત 12th 'YOU TURN'

**૩ દિવસીય કચ્છમાં રેસીડેનસીયલ રીફ્રેસર કોર્સ 1st July ૨૦૧૬ થી 3rd July ૨૦૧૬**

- શું તમે ઈચ્છો છો કે તમારા પારિવારીક સંબંધો સુધરે ?
- શું તમે ઈચ્છો છો કે તમને નવું જૈન મિત્ર વર્તુળ મળે ?
- શું તમે ઈચ્છો છો કે તમે કોણ છો ? એની પાકી સમજણ મળે ?
- શું તમે વારંવાર આવતા ગુસ્સાને નિયંત્રણ કરવા ઈચ્છો છો ?
- શું તમે ઈચ્છો છો કે રોજબરોજની લાઈફમાં જૈનીઝમનો ઉપયોગ થાય ?
- શું તમે ઈચ્છો છો કે નવા કચ્છની માહિતી મળે તેમજ કાયમી વસવાટ માટેની તકો વિષે જાણવા માંગો છો ?
- શું તમે કચ્છમાં ધંધાકીય અને રોજગારની તકો વિષે જાણવા માંગો છો ?
- શું તમે મુંબઈમાં તમારો ધંધો (B2B) વધારવા ઈચ્છો છો ?

**તો ઉપરનાં દરેક પ્રશ્નોનો નિરાકરણ કરવા YOU TURN રીફ્રેસર કોર્સમાં ભાગ લો.**

જીવન સફળ બનાવવા શ્રાવકોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ માટે આડંબર વિના ધર્મની સમજણ **જૈન સાધુભગવંતો** આપશે.

જીવન મેનેજમેન્ટ ની સમજણ **શ્રી હાર્દિક વિનેશ મામણિયા (કુંદરોડી)** આપશે.

આ કોર્સ ગુજરાતી અને અંગ્રેજી માં રહેશે. જે ભાઇઓની ઉમર ૧૬ થી ૪૦ વર્ષની છે. તથા SSC (X) ઉતિર્ણ કરેલ છે. તેઓ આમાં ભાગ લઇ શકશે.

આ સમગ્ર કોર્સમાં આવવા જવાનો, રહેવાનો તેમજ ખાવા-પીવાનો ખર્ચ **નિઃશુલ્ક** રહેશે.આ કોર્સમાં નીચેના વિષયો આવરી લેવામાં આવશે

Thu. 30th June 2016 : 02.50pm (Departure from Mumbai) Sayaji Express

| Fri. 1st July 2016 | Sat. 2nd July 2016 | Sun. 3rd July 2016 |
|---|---|---|
| • Industrial visit | • જૈન ધર્મ : પુરુષાર્થ કે નિયતી | • હું કોણ છું ? (Who Am I ?) |
| • Mind Mangement / Debate / Q&A | • Visualisation : Potential Unlimited | • અનેકાંતવાદ @ Success Of Life |
| • Kutchh : Land Of Opportunities | • જનરેશન ગેપ : જીવનનું 'X' ફેક્ટર | • Winning Strokes: Debate / Q&A |
| • વિનેશાલય મ્યુઝીયમ : પ્રાગપુર | • Group Discussion | • ગુરુ સંદેશઃ જીવનનાં મૂલ્યો |
| • "You Turn" an awareness | • Jain Ideology vs Different Ideology | • આકાશ દર્શન |

Mon. 4th July 2016 : 02.00 pm (Arrival at Mumbai) Sayaji Express

આ કોર્સમાં ભાગ લેનારા વ્યકિતએ www.jainyouthforum.org પરથી ફોર્મ મેળવી રૂા. ૧૦૦૦ **(Refundable Deposit)** ભરી નીચેના સ્થળે ફોટા સાથે અરજી કરવી.

**JAYESH MAMNIA,** Ramdeep Agencies, 4-5-146, Saraswati Arcade, Shop No. 34, Hasmath Gunj, Sultan Bazar, Hyd - 95. Ph : 6682 6765, 94408 90437

**MANOJ SAVLA,** 5-1-762/1, 121, Kushal Market, Kothi, Hyderabad - 95. Ph : (040) 2474 2241, 98497 74845.

**AMIT SAVLA**, Magic Kids, 4-3-371, Ansval Metro, 1st Floor, Above Lakshmi Vilas Bank, Opp. Central Bank, Bank Street, Kothi, Hyderabad - 500 085. Ph : (040) 6451 6235, 94408 90458

સંપર્ક : તેજસ મામણિયા : ૯૭૬૮૬ ૧૯૨૪૧ — જીગર ગાલા : ૯૯૩૦૦ ૪૪૩૦૦ — હર્ષ ગડા : ૯૦૦૪૦ ૩૦૨૦૧

મુંબઈ : વૈભવ ચંદ્રુવા : ૯૮૨૧૧ ૨૨૦૫૦ — સી.એ. પરીન ભેદા : ૯૨૨૩૩ ૯૬૫૦૦ — જય વોરા : ૯૮૧૯૩ ૬૯૧૦૫

### સૌજન્ય દાતાશ્રીઓ

- શ્રીમતી જયવંતીબેન જાદવજી ઍંકરવાલા (કુંદરોડી)
- માતુશ્રી મક્કાબેન ભીમશી છેડા (SPM Group-પુનડી)
- માતુશ્રી કસ્તુરબેન કુંવરજી શીવજી છેડા (ગાલા ભનસાલી-મોખા)
- શ્રીમતી નીલમબેન રમણીકલાલ છગનલાલ દેઢીયા (ભુજપુર)
- શ્રી જયંતીલાલ લાલજી ગાલા (મંગરાઇ - સાડાઉ)
- માતુશ્રી મંજુલાબેન મોરારજી પુનશી ગોગરી (ટુંડા)
- શ્રીમતી ભાવનાબેન ધીરજ માવજી છેડા (બ્લુ સ્ટાર ટાઈલ્સ - ડેપા)
- માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)
- માતુશ્રી લક્ષ્મીબેન માવજી રાયશી વીસરીયા (VPly-કુંદરોડી)
- માતુશ્રી નિર્મળાબેન ઠાકરશી મોરારજી મારૂ (નેપચ્યુન ગ્રુપ-ડેપા)
- માતુશ્રી દેવકાબેન કાનજી ફુરપાર વોરા પરિવાર (બિદડા)
- શ્રી ભારાણી પરિવાર (દેશલપુર)
- માતુશ્રી ઝવેરબેન સુરજી નરસી છેડા (ટુંડા)
- માતુશ્રી કંકુબેન હીરજી જેઠાલાલ ગાલા (જ્યોતી કેર્ટસ - ભુજપુર)
- શ્રીમતી મીનાક્ષી મહેન્દ્ર શાહ (રતાડીયા ગણેશવાલા)

(જા.ખ.)

એક બીજાને ગમતાં રહીએ — **સમતા રાખો** — શાંત પળોમાં વિચારજો



## આભાર...

**સ્વ. શ્રી વસંતલાલ છોટાલાલ સાવલા** ગામ-કોડાયની પ્રાર્થના સભામાં અમારા દુઃખમાં સહભાગી થનાર સર્વે સગા સંબંધી મિત્રોનો તથા કચ્છીભવનનો હોલ ફાળવવા માટે કચ્છી મિત્ર મંડળનો અને અંતિમક્રિયા તથા પ્રાર્થના સભામાં સહાયરૂપ થનાર માનવમિત્ર સમીતીનો અંતઃકરણ પૂર્વક આભાર.

**લી. પુષ્પાબેન વસંતલાલ સાવલા**

(જા.ખ.)


# ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ...

**એકદમ ગરમાગરમ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન થેપલા, જુવાર તથા બાજરાના રોટલા પણ મળશે. ભોજન સંબંધી કોઈ પણ પ્રકારના નાના ઓર્ડર માટે સંપર્ક કરો. ઘરે બેઠાં - બેઠાં ટિફિન મંગાવો અને જમવાનો આનંદ લો...**

**સંપર્ક : પુષ્પા હસમુખ ગાલા, ૯૨૯૦૪ ૪૩૩૬૪, ૯૨૪૭૧ ૩૮૯૫૫**

(જા.ખ.)

Let Your Child Experience the fun of Drawing N Coloring Arts N Craft Dance, G.K., Games

At **Hunny Bunny**

Its not just a **SUMMER CAMP**

Its **THE FUN CAMP**

And the fun begins from

**Monday, 4th April '16 to Wednesday, 4th May '16**

Age: 2 to 5 Yrs

Time:10:00 am to 12:30 pm

HUNNY BUNNY Play School

(જા.ખ.)

3-4-512/28, 1st Floor, Barkatpura Colony Garden, Barkatpura, Hyderabad - 27

Phone 64642425 Email: hunnybunnyhyd@gmail.com

# વિવિધા

## શાંતિવન સમિતિ આયોજીત નિબંધ

## હરિફાઈ - પ્રથમ પુરસ્કૃત કૃતિ

### નિબંધ સ્પર્ધા - વિષય

**૧) શાંતિવન સમિતિ પાસેથી મારી અપેક્ષાઓ   ૨) શાંતિવન સમિતિ માટે હું શું કરી શકુ છું.**

**પ્રસ્તાવના :** એક સમય એવો હતો જ્યારે લોકોની આવરદા ૫૦/૫૫ જેટલીજ હતી. ૫૦ વટાવ્યા અને એકાવનમાં પ્રવેશ્યા એટલે કહેવાતું કે વનમાં આવ્યા-એટલે કે ઉલ્ટી ગણત્રી શરૂ કરવાનો સમય આવી ગયો છે. જેટલા વર્ષ જીવતા એટલા વર્ષો ધંધામાં રોકાયેલા રહેતા - ફાજલ સમયજ ન રહેતો. નોકરી વાળા ૫૮/૬૦ વર્ષ સુધી નોકરી કરી રિટાયર થઈ જતા. સમય જતા પરિસ્થિતિ બદલાઈ ગયેલ છે. મેડિકલ રીસર્ચનો કારણે એક સમયે અસાધ્ય જણાતા રોગોનો પણ ઉપાય-ઉપચાર મળી ગયેલ છે. લોકો પણ સ્વાસ્થ્ય માટે જાગૃત થઈ ગયેલ છે. ખાવા-પીવામાં અને શીરીરિક કસરત-વોકીંગ ઈત્યાદીના પરિણામે લોકોની આયુ વધી છે - ૮૦/૮૫ વર્ષની ઉમર થવી એક હવે સાધારણ બાબત થઈ ગઈ છે. અગાઉ આયુ ટુંકી રહેવાથી લોકોને ફાજલ સમય ન મળતો. હવે આયુ વધતા અને ૬૦ વર્ષે રિટાયર થતા વડિલોના હાથમાં સારો એવો સમય ફાજલ રહે છે. જે કોઈ વડિલને અન્ય કોઈ શોખ હોય જેવો કે પેઈન્ટીગ, સામાજીક સેવા, લેખન અને કંઈ નહીં તો ધર્મ ધ્યાન ઈત્યાદી કરતા સારો એવો સમયનો ઉપયોગ કરી શકે છે ને છતાં તેમના હાથમાં ઘણો સમય રહે છે. જેઓ કંઈજ નથી કરતા તેઓને ઘડિયાળના કાંટા જોતા સમય પસાર કરવો પડે છે. ઘરના નાના મોટા સભ્યો સૌ પોતપોતાના કામમાં પ્રવૃત્તિઓમાં રચ્યા પચ્યા હોય છે, કોઈને વડિલો પાસે બે મિનીટ બેસવાનો કે વાતચીત કરવાનો સમયજ નથી હોતો. વડિલોને ખાલીપો સતાવે છે.

શાંતિવન સમિતિ સ્થાપના: આપણા કચ્છી મિત્ર મંડળના દુરંદેશી સમિતિના સભ્યોએ વડિલોની આ સમસ્યાની નોંધ લઈ શાંતિવન સમિતિની રચના કરી. તેમનો ઉદ્દેશ હતો કે વધતી જતી ઉમરના વડિલોને સતાવતા ખાલીપાને બની શકે તેટલો હળવો કરવો. આ માટે શાંતિવન સમિતિના સંચાલકની નિમણુક કરી કે જે પોતાની તેમજ સાથીઓની સુઝબુઝથી વડિલોને અનુરૂપ પ્રવૃત્તિઓ/કાર્યક્રમોનું આયોજન કરે. આ લક્ષને ધ્યાનમાં રાખી, શાંતિવન સમિતિ કાર્યક્રમોનું આયોજન કરે છે જે સરાહનીય છે. મોટા કાર્યક્રમોનું આયોજન રેગ્યુલરલી ન થઈ શકે કેમકે તેમાં બજેટ મોટું જોઈએ અને તૈયારી માટે કાર્યકરોને સમયનો સારો એવો ભોગ પણ આપવો પડે. બે કાર્યક્રમો વચમાનાં લાંબા સમય દરમિયાન વડિલોને સતાવતા ખાલીપાનો પ્રશ્ન વણ ઉકેલ્યો રહે છે.

તો શું કરવું ? મારી અપેક્ષઓ : મને તેમ આપમાંથી ઘણા જણાઓને મુંબઈ જવાનું બનતું હશે. મેં નિરક્ષણ કરતા જોયું કે પરાઓમાં સવાર સાંજ વડિલો રસ્તાના ચોરાયે પાળી ઉપર, મોટા ઝાડને ફરતા ઓટલા ઉપર, ઘર બાજુના ગાર્ડનમાં પોતાના જેવા સમદુખિયા સાથે વાતો કરતા હોય છે. મહિલાઓ ભેગા મળી ભજનો ગાતા દેખાય. અચરજની વાત તો તે જોઈ કે કોઈ કોઈ વડિલને તેમનો દિકરો કે દિકરી કે પુત્રવધુ આવી બેઠકોમાં સ્કુટર ઉપર કે ગાડીમાં મુકી જતા અને સમય ઉપર પાછા લઈ જતા.



## આભાર પ્રકટના.....

શ્રી કચ્છી મિત્ર મંડળ આયોજિત "સાદાઈથી લગ્ન યોજના" હેઠળ અમારા સુપુત્ર ચિ. અંકિતના લગ્ન લાતુર નિવાસી ચિ. પ્રિયા પાટીલ સાથે તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજ યોજવામાં આવ્યા.

આ લગ્ન પ્રસંગે મંડળ દ્વારા ખૂબજ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૦૦ આમંત્રિતો માટે ખૂબજ સારી ભોજન વ્યવસ્થા, સ્ટેજ ડેકોરેશન લગ્નવિધિ કરાવનાર બ્રાહ્મણ, સુરીલી શરણાઈ વાદન તથા પ્રેમથી આગતા સ્વાગતા કરવામાં આવી જે બદલ **શ્રી કચ્છી મિત્ર મંડળના સર્વે ટ્રસ્ટમંડળ, પદાધિકારીઓ અને કારોબારી સમિતિના સભ્યોના અમે ખૂબ ખૂબ આભારી છીએ.**

લગ્ન પ્રસંગોમાં વધતા વેડફાટને કાબુમાં લેવા મંડળની આ પ્રવૃત્તિને વધાવી, અમલીકરણ કરી સમાજે આ યોજનાને પ્રોત્સાહન આપવું જોઈએ જેથી સમાજના કરોડો રૂપિયા બચે અને સમાજના ઉત્થાનમાં ઉપયોગી થઈ શકે.

સાદાઈથી લગ્ન કરવા માટે અમને પ્રોત્સાહિત કરનાર **ટ્રસ્ટીશ્રી તલકશી ભાણજી ગડા** તથા **સહમંત્રી શ્રી દિનેશ કલ્યાણજી ગોસર**ના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

આખા પ્રસંગની ખૂબજ સુંદર વ્યવસ્થા કરવા બદલ મંડળના **સહમંત્રી શ્રી દિનેશ ગોસર**ના અમે વિશેષ આભારી છીએ. લગ્નમાં આમંત્રિત સર્વે મહેમાનો પણ આવી વ્યવસ્થા જોઈ મંત્ર મુગ્ધ થઈ ગયેલ.

લિ.

**મીનાબેન - વસંત ગાંગજી સાવલા ❖ કરણ વસંત સાવલા**

**ના જય જિનેન્દ્ર**

**Ankit Agencies**

WHOLESALE DISTRIBUTOR

Punjagutta, Hyderabad - 500 082. Ph : 90323 63361

**Shree Savla Suppliers**

WHOLESALE DEALERS IN : ALL DISPOSABLES, PLASTIC CLEANING ITEMS, HARDWARE, BIRTHDAY DECORATIVE ITEMS ETC.

6-3-668/9/A, Beside Gokul Tower, Punjagutta, Hyderabad - 500 082

Ph : 92468 06226, 92900 78731

(જા.ખ.)

મને લાગે છે, શાંતિવન સમિતિએ પણ આવુંજ કંઈ કરવું જોઈએ. કચ્છી-ભવનમાં કોઈ એક ખુણે વડિલો માટે જગ્યા ફાળવવી ત્યાં થોડા ગુજરાતી છાપાઓ, ચોપાનીયા ઈત્યાદી મુકાવવા, સુગમ સંગીતની વ્યવસ્થા નરવી, કેરમ, ચેસ, પાના ઈત્યાદી ઉપલબ્ધ કરાવવા. જે વડિલોને આવવું હોય તે આવે, ભેગા મળી પોતાના જમાનાની યાદો વાગોળે (જેમાં અત્યારની પ્રજાને રસ ન હોય) વાંચન કરે અને ૨/૩ કલાક ગાળી ચા પાણી પી મનથી ફ્રેશ થઈ ઘરે પાછા સીધાવે.

આ ઉપરાંત, બની શકે તો દર મહિને નાના મોટા કાર્યક્રમો જેવાકે, વિવિધ વિષયો ઉપર જાણીતી વ્યક્તિઓના લેકચરો, વડિલોને શારિરીક સમસ્યાને લગાતા ડોક્ટરોના લેક્ચરો, વડિલો પોતે ભજવતા નાટકો, હાસ્ય કવિતાનું પઠન ઈત્યાદી પણ ગોઠવી શકાય.

નિબંધ હરિફાઈનો બીજો વિષય છે કે શાંતિવન સમિતિ માટે હું શું કરી શકું ?

આ વિષય ઉપર ફક્ત બે બાબત જ કહી શકાય. એક તો એ કે શાંતિવન સમિતિના હર એક કાર્યક્રમ, હર એક પ્રવૃત્તિ માં હું જરૂરથી ભાગ લઈશ. બીજું શાંતિવન સમિતિના કાર્યક્રમ માટે મારા સકરાત્મક સુચનો હશે તે જરૂરથી હું રજુ કરીશ. **રમેશ એમ. શાહ, ૯૪૪૦૯૯૬૬૫૨**

## "શ્રધ્ધા ની કોઈ સીમા નથી"

દરેક ધર્મના પાયા શ્રધ્ધા થકી જ મજબૂત થાય છે, મનુષ્યમાત્ર ભલે એ કોઈપણ જાતિ-ધર્મ કે સંપ્રદાય નો હોય એ ધર્મમાં રહેલી શ્રધ્ધા નામના બળથીજ કષ્ટદાયક યાત્રા અને તપસ્યા કરીનેજ જંપે છે.

હાલમાંજ પાલીતણા મધ્યે નવાણું યાત્રાનો ભવ્ય આયોજન કરવામાં આવેલ જેમાં હૈદ્રાબાદના પણ પચાસેક ભાઈ-બ્હેનોએ તપ કરીને રોજની બે-ત્રણ-ચાર યાત્રાઓ કરેલ, એમના અનુભવો સાંભળીએતો અચરજ થાય કે જે વ્યક્તિઓ એક ઉપવાસ પણ નહોતા કરી શકતા અથવા વધારે પગપાળા ચાલવાની પણ આદત નહોતી તેવા ભક્તોએ શ્રધ્ધા અને મનોબળના જોરે નિર્વિઘ્ને યાત્રાઓ કરી આતો ખરેખર એ પાવન ભૂમિનોંજ પ્રતાપ છે ને કોઈ દૈવીશક્તિનોજ ચમત્કાર છે. ત્યાંની વ્યવસ્થા અને સગવડો નો અવલોકન સાંભળીને એ સર્વે દાતાઓ ત્થા વ્યવસ્થાપકોને નત મસ્તકે નમન કરવાજ રહ્યા.

આપણે ભાગ્યશાળી છીએ કે આપણા જૈન સ્થળોમાં રહેવા-જમવાની વ્યવસ્થા મળી રહે છે. પણ અન્ય ધાર્મિક સ્થળોએ રહેવા માટે ઘણીજ તકલીફો વેઠવી પડે છે વળીત્યાંના સંચાલકોની જોહુકમી, વિધી-વિધાનો માટે પંડિતોની મનમાની વાતવાતમાં પૈસા પડાવવાના ... છતાં બેચારા યાત્રિકો બધુ કરવા તૈયાર હોય છે કારણ કે એના મનમાં શ્રધ્ધા છે.

દરેક વખતે સમાચાર સાંભળીયે છીએ કે અમરનાથ, કેદારનાથ યાત્રા વખતે હીમવર્ષાથી અથવા શીલાસ્ખલનથી યાત્રીકો અટવાઈ ગયા કે મૃત્યુ પામ્યા, બિહાર છઠયાત્રા, પુરીની રથયાત્રા, કુંભમેળામાં, ગંગાસાગર સ્નાનમાં એવા તો દેશના અનેક યાત્રા સ્થળોએ પ્હોચવામાં કે ભાગદોડમાં લોકો કચડાઈને ગુંગળાઈને મરણ પામે છે, ઘાયલ થાય છે, ચોર-લુખ્ખાઓનો ભોગ બને છે, વળી મુસ્લીમોની દરવખતે મક્કામાં થતી ગીરદી માં પણ માણસો જાન ગુમાવે છે. આટ અટલી મુસીબતો યાતનાઓ છતાં કંઈક પામવા માનવમાત્ર સતત ભ્રમણ કરતોજ રહે છે. તીર્થોની એ તાસીર છે જે મનુષ્યને પોતાના તરફ ખેંચતી રહે છે.

એટલેજ કહે છે **"શ્રધ્ધાને કોઈ સીમા નથી, સીમાડા નથી"** **- મહેન્દ્ર વોરા**

# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જી.પ.)



## You are beautiful....we just compliment it!

abha
be gorgeous

BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

Now at New & Spacious Space

by Bhavini Patel

- ✍ Bridal Mehendi
- ✍ Bridal HD Make-up
- ✍ Bridal Packages
- ✍ Body Spa
- ✍ Hair Spa & Treatment
- ✍ Stone Theorpy
- ✍ Ultrasonic Treatment
- ✍ Foot & Hand Spa

**Designer Mehendi & Grooming Classes**

**3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,**
**Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com**
**Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed**

(જી.પ.)

# માતાની શિખામણ

દિકરીને કેટકેટલી ઉપમાઓ આપેલ છે. ઈશ્વરે આપેલ અનમોલ ભેંટ થી લઈને વ્હાલનો દરિયો એટલે દિકરી... માતાપિતા સારામા સારા સંસ્કાર દિકરી ને આપે છે. સારૂં શિક્ષણ આપે છે કેમકે એણે બીજા કુળ ને પણ દિપાવવાનો હોય છે. સારો ઘર-વર-પરિવાર જોઈને એને પરણાવે છે.

પણ આજ દિકરી લગ્ન પછી ખારો દરિયો કેમ બને છે એનો વિચાર તમે કર્યો છે ? નવા ઘરમાં નવા પરિવેશમાં બધાનો સ્વભાવ સમજવામાં થોડોક તો સમય લાગે જ છે. લગ્ન પહેલા સાસરીયામાં અવર જવર હોય અને લગ્ન પછી ત્યાં રહેવુ પડે એમાં સ્વપ્ન અને વાસ્તવિકતા જેટલો ફરક તો પડે જ છે. એમાં કાંઈ અજુગતુ નથી.

પણ આ વાત દિકરીઓના માબાપ કેમ સમજતા નથી. ખાસ કરીને માતાઓની દખલગીરી બહુજ હોય છે. દરેક બાબતે માથું મારતી હોય છે. નાસ્તો શું બનાવ્યોથી રાતના ડીનર સુધી બધી વણમાંગી સલાહ આપતી હોય છે. શું કરવાનું અને શું નહીં કરવાનુ બધુ શિખવાડશે (૨૦-૨૫ વરસ શું શિખવાડ્યુ એ ખબર નથી) દિકરીઓને પોતાનો સંસાર પોતાની રીતે અને પરિવારના સદસ્યોના હિસાબે ચલાવવા દો. ચકમક તો બધા ઘરોમાં થાય. બે વાસણ સાથે હોય તો ખખડવાના જ છે. મા-દિકરી વચ્ચે પણ વિવાદ થાય તો સાસુ-વહુ વચ્ચે પણ થાય. એને ચગાવવાની જરૂર નથી. ગામની વાતો ઉપર ધ્યાન ન આપવું જોઈએ. અમુક લોકો પણ "હિંગનો છમકો" લગાવતા જ હોય છે.

તમે દિકરીને એ કાબિલ તો બનાવી જ છે કે પોતાનો સંસાર સુખરૂપે ચલાવી શકે. તો લગ્ન પછી એને એની રીતે એના ઘરની રીતે જીવવા દો, એની લાઈફમાં ચંચુપાત ન કરો. જરૂર પડે તો એના પથદર્શક બનો પણ એનો સંસાર ભંગ ન થાય એ જરૂર જોજો...

દિકરીઓને પણ ખાસ વિનંતી કે તમે થોડી સહનશક્તિ રાખો. જે માબાપે પોતાના દિકરાને શિક્ષણ સારા સંસ્કાર આપી તમારે લાયક બનાવ્યો છે. તો એમને થોડું પોતાના માતા-પિતા જેવું સન્માન આપો. પોતાનો ઈગો છોડી એમણે અપનાવી તો જુઓ બધા તમારા પોતીકા જ છે.

***"નીચે ગિરે સૂખે પત્તો પર અદબ સે ચલના જરા***
***કભી કડી ધૂપ મેં તુમને ઈનસે હી પનાહ માંગી થી"***

**ચંદન હરીશ હરીયા, ૯૩૯૦૫ ૩૦૪૬૯**

**વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે**




# વિજયકુમાર શુકલા

**ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો**

**ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮**

(હ્યૂ.ચ્.)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

| | |
|---|---|
| મગદરીયા લાડું (પાંચ ધાન્યના) | રૂા.૪૦૦/- Kg |
| ફીણીયા લાડું | રૂા.૩૬૦/- Kg |
| નાચણી (રાગી) ખજુર લાડુ (સુગર ફ્રી) | રૂા.૪૦૦/- Kg |
| અલશી મખાના લાડું (કેલશિયમ-વિટામીનથી ભરપુર) | રૂા.૫૦૦/- Kg |
| ડ્રાયફ્રુટ લાડું (ઘઉંના) | રૂા.૫૦૦/- Kg |
| ગોળ પાપડી | રૂા.૩૬૦/- Kg |
| ગોળીયા લાડુ | રૂા.૩૬૦/- Kg |
| અડદિયા પાક (શીયાળુ પાક) | રૂા.૬૦૦/- Kg |
| અદરખ ડ્રાયફ્રુટ લાડુ | રૂા.૭૦૦/- Kg |
| કોકોનેટ બીસ્કીટ | રૂા.૩૦૦/- Kg |
| ગુંદ | રૂા.૨૬૦/- Kg |
| સાંગલીના ભડંગ | રૂા. ૫૦/- 250gr |
| પુનાનો લક્ષ્મીનારાયણ ચીવડો | રૂા.૧૫૦/- 500gr |
| શીંગદાણાની ચટણી | રૂા. ૫૦/- 200gr |
| સિકંદર ના ખારી સીંગ | રૂા. ૫૦/- 200gr |
| સિકંદર ના ચણા | રૂા. ૪૦/- 200gr |
| ફર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ | રૂા.૧૫૦/- 250gr |

CONTACT

PRAVIN K. CHHEDA

102, Uma Residency, Near Jineshwardam,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

PRAVIN CHHEDA - 89857 59320

PREMILA CHHEDA - 90146 66932

(જા. ખ.)

# સારો નાગરિક, બહેતર માનવી

૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ મંગળવારની સવાર, ટુમાકુરુથી બેંગલુરૂ ભણી હાઈવે-૪ પર બજાજ પલ્સર આગળ વધી રહ્યું હતું. બાઈકસવારનું નામ હરીશ, ઉંમર વર્ષ, ૨૪. સારા નાગરિકની જેમ હેલ્મેટ પહેરી હતી. પંચાયતની ચૂંટણીમાં મત આપવા માટે હરીશ ટુમાકુરુ જિલ્લામાં આવેલા પોતાના ગામ ગુબ્બી ગયો હતો. મતદાનની પવિત્ર ફરજ બજાવીને એ ખાનગી કંપનીની પોતાની નોકરીએ પાછો ફરી રહ્યો હતો.

તરવરાટભરી ઉંમર હોય, સવારનો સમય હોય અને હાઈવે પર બાઈક દોડતી હોય ત્યારે આશા, ઉત્સાહ અને સપનાં વચ્ચે મેરેથોન ન જામે તો જ નવાઈ. કદાચ હરીશ પોતાના માતા-પિતા વિશે વિચારતો હશે, ભાઈના ભવિષ્યની ફિકર કરતો હશે,નોકરીમાં પ્રમોશનના વિચારો મનમાં ઘોળાતા હશે કે લગ્નજીવનના મીઠા ખયાલો.

હાઈવે પર નેલામંગલની નજીક હરીશની બાઈકની પાછળ એક ટ્રક આવતી હતી. ખાંડની બેગ ભરેલી આ ટ્રક વરદરાજ હંકારતો હતો. જાણે કેમ ટ્રકવાળા કાયમ ઉતાવળમાં જ હોય. એમાં અપવાદ નહોતો.

લગભગ સવારે ૮.૩૦ વાગે ટ્રકથી બાઈકને ઓવરટેક કરવા ગયો. પોતાની ગણતરીમાં ખોટો પડ્યો અને હરીશની દોડતી બાઈકને રસ્તા પર ટક્કર મારી. બાઈક ઉછળીને રસ્તા પર ફંગોળાઈ ગઈ અને બિચારો હરીશ ઊડીને ક્યાંનો ક્યાં પછડાયો. હરીશ કંઈ સમજે કે શું થયું, એ અગાઉ તો ટ્રક એને કચડતી આગળ ધસી ગઈ. આ સાથે જ હરીશના શરીરના રીતસર બે ટુકડા થઈ ગયા.

આસપાસ જમા થઈ ગયેલી ભીડ તો યુવાનના શરીરના બે ટુકડા અને લોહીનાં ખાબોચિયા જોઈને એકદમ ડઘાઈ ગઈ. પારકી પંચાયતમાં ન પડવાની મનોવૃત્તિએ શરૂઆતમાં સૌના પગે બેડી બાંધી રાખી. હરીશ 'હેલ્પ હેલ્પ'ની બૂમો પાડતો હતો. લોકો માની નહોતા શકતા કે શરીરના બે ટુકડા થઈ જવા છતાં આ માણસ બોલી કઈ રીતે શકે છે?

હેલ્મેટ પહેરી હોવાથી હરીશના મોઢા કે માથા પર જરાય ઈજા નહોતી થઈ પણ કમરથી નીચેનો ભાગ કપાઈને છૂટો પડી ગયો હતો. તમાશબીનોમાંથી કોઈ ચૂપચાપ અવાચક બનીને દૂરથી જોઈ રહ્યા હતાં. તો અમુક મોબાઈલ પર ફોટા કે વીડિયો શૂટ કરવામાં વ્યસ્ત હતા.

કોઈકે પોલીસને ફોન કર્યો. કોઈકે એમ્બ્યુલન્સ બોલાવી અને અમુક હરીશની નજીક પહોંચી ગયા. હરીશ હવે પોતાને બચાવવાને બદલે અલગ વિનવણી કરવા માંડ્યો હતોઃ પ્લીઝ, ડૉક્ટરને કહેજો કે મારા શરીરના શક્ય એટલા અંગ બીજા માટે કાઢી લે.

આટલો ભયંકર અકસ્માત થયો હોય અને શરીરનાં બે ટુકડા થઈ ગયા હોય, ત્યારે માણસનું મગજ આટલું બધું સચેત અને જાગૃત! અને એને વિચાર પણ કેવો આવ્યો? પોતાને બચાવવાને બદલે પરાયા અને અજાણ્યા માણસોને જીવતદાન આપવાનો. હરીશ જીવતો હતો પણ સમજી ચૂક્યો હતો કે પોતાનું બચવું હવે અશક્ય છે. આથી પોતાના અંગ અન્ય જરૂરિયાતમંદોને જીવદાન આપે એમ તે ઈચ્છતો હતો. કેટલી ઉદાત્ત ભાવના! અકસ્માત થયાની સાત-આઠ મિનિટમાં એમ્બ્યુલન્સ આવી પહોંચી. એમ્બ્યુલન્સમાં પણ હરીશ પોતાના શક્ય એટલા વધુ અંગ દાનમાં આપવાની વિનવણી કરતો રહ્યો. નજીકની સરકારી હોસ્પિટલમાં પહોંચ્યાની થોડી મિનિટોમાં હરીશનું પ્રાણપંખેરું ઊડી ગયું.

એની આખરી ઈચ્છા મુજબ ડૉક્ટરો વર્ત્યા. પરંતુ ખૂબ ખરાબ રીતે થયેલા અકસ્માતમાં શરીરના ઘણાં અંગ હવે દાન આપવા લાયક રહ્યાં નહોતા. હેલ્મેટને પ્રતાપે માત્ર બે આંખનું દાન લેવાનું જ શક્ય બન્યું. આ આંખને લીધે બે સુરદાસને દૃષ્ટિદાન મળ્યું.

હરીશની બે આંખ સ્વીકારનાર નારાયણ નેત્રાલયના ચેરમેન ભુજંગ શેટ્ટીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે, રોડ પર જેના શરીરના બે ભાગ પડ્યા હોય એ માણસ આટલી સ્પષ્ટતાથી વિચારી શકે એ માનવું મુશ્કેલ છે. અગાઉ ક્યારેય આવું બન્યાનું સાંભળ્યું નથી. હેલ્મેટ પહેરવાને કારણે માથા પરની ઈજાએ એનો જીવ લીધો નથી.

હરીશે જ્યાં અંતિમ શ્વાસ લીધા એ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર અજિત બેનેડિકટના મતે ક્રશ ઈંજરીને લીધે હરીશે જીવ ગુમાવ્યો હતો.

કમનસીબે સુપ્રીમ કોર્ટના નિર્દેશ છતાં લોકો અકસ્માતનો ભોગ બનેલાઓની મદદ માટે આગળ આવતા નથી. પરંતુ રસ્તાની વચ્ચોવચ બે ભાગમાં પડેલો અધમૂઓ માણસ પોતાના અવયવના દાનથી અન્યોને મદદરૂપ થવાની વાત કરે એનાથી મોટો અસલી હીરો કોણ હોઈ શકે!

જીવનની અંતિમ પળોમાં માનવતાનો આટલો મોટો સંદેશો આપનારા હરીશ ને સો સો સલામ.

સંકલન - **પંકજ વલ્લભજી સાવલા**

❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖

## 2615वाँ भगवान श्री महावीर जन्म कल्याणक महोत्सव
## परमात्मा - श्रमण भगवान महावीरस्वामी

जैन धर्म परंपरा के 24वें तीर्थंकर भगवान महावीर स्वामी से भला कौन परिचित नहीं होगा। आज से करीब 2614 वर्ष पूर्व जब भारत वर्ष में जाति के नाम पर अन्ध विश्वास यज्ञ के नाम पर देश का पशुधन नष्ट हो रहा था। हिंसा का तांडव हो रहा था, जन जन में अज्ञानता फैली हु थी, ऐसे समय में क्षत्रिय कुंड नगर में चैत्रशुक्ला त्रयोदसी के दिन पिता सिद्धार्थ महाराजा एवं त्रिशाला महारानी की कुक्षी में प्रभु महावीर का जन्म हुआ। आपके आगमन के साथ ही राज्य में असीम समृद्धि होने लगी अतः समृद्धि का सूचक के रूप में आपका नाम वर्धमान रखा गया। आप बचपन से निडर एवं वीर एवं विद्या अध्ययन में मेधावई थे, संगमदेव व अन्य इन्द्रिय प्रेरित देवों ने अनेक प्रकार से आपकी परीक्षा ली किन्तु सबमें वे खरे उतरे अतः उनकी प्रतिभाओं को परख कर उन्हें वीर, महावीर तथा सन्माति नाम से संबोधित किया गया।

प्रभु महावीर जैसे जैसे बड़े होने लेगे उनका ध्यान मानव एवं प्राणी मात्र के कल्याण के लिए उन्मुख होने लगा। सब प्रकार की सम्पन्नता होते हुए भी आप संसार के कार्यो से विरक्त होने लगे माता-पिता के बहुत आग्रह करने से उन्होहने विवाह की स्वीकृति दे दे और यशोदा नामक राजकुमारी से उनका विवाह हो गया और एक पुत्री भी हुई जिसका नाम प्रियदर्शना था जमाई का नाम जमाली था। अपने ज्येष्ठ भ्राता नंदीवर्धन से आज्ञा लेकर अपनी प्रबल इच्छानुसार 30 वर्ष की युवा अवस्था में दीक्षित हो गये। प्रभु महावीर ने असीम जनसमूह के समक्ष प्रतिज्ञा की अभी से सभी पापकर्म मेरे लिए अकरणीय होंगे तथा करेमि सामाइयं सव्वं सावज्जं जोगं पच्चकरवामि आज से सम्पूर्ण सावध कर्म का तीन करण

और तीन योग से त्याग करता हूँ असीम वैभवी जीवन को त्याग कर प्रभु महावीर कठोरतम साधना में संलग्न हो गये। 12 वर्ष 6 माह 15 दिन के छदमस्थ साधना काल में प्रभु ने घोर तपस्या आचरित की। खाले, चंडकौशिक सर्प, संगमदेव शूलपाणि यक्ष, कटपूतना व्यंतरी आदि के महान उपसर्ग प्रभुने समता पूर्वक सहन किये। कठोर तप में लगे महावीर प्रभु को ऐसी विरक्ति हुई कि उन्होने यह संकल्प लिया कि अप्रीतीकारक स्थानो पर कभी नहीं रहूँगा तथा सदा ध्यानस्थ रह कर मौन रहूँगा, हाथ में ही भोजन करूंगा।

प्रभु महावीर को जृभंक ग्राम के बाहर रिजुबालिका नदी के किनारे शालवृक्ष के तले गोदूहासन में वैशाख शुक्ला दशमी को केवल ज्ञान हुआ। ज्ञान प्राप्ति के पश्चात महावीर जन कल्याण का आहवान करते हुए सब जगह विचरण करते हुए उद्‌बोधन देने लगे। पाँच महाव्रतो (सत्य अहिंसा अस्तेय - अपरिग्रह और ब्रह्मचार्य) के महत्व को समप्राते हुए जीवन में उतारने की शिक्षा देने लगे उनके उपदेशों का जन जीवन पर व्यापक प्रभाव पड़ा। आपने वैशाख शुक्ला एकादशी को चतुर्विध संघ (साधु-साध्वी श्रवक-श्राविका) तीर्थ की स्थापना की थी जिसके प्रथम साधु गौतम स्वामी प्रथम साध्वी चंदनबाला, प्रथम श्रावक शंख और प्रथम श्राविका सुलसा थी.

**मातृजाति - नारी का सम्मान**

उस युग में स्त्रियों और लड़कियों को बाजार में खरीदा और बेचा जाता था प्रभु महावीर ने इसका घोर विरोध किया। धर्म संघ की सर्व प्रथम दीक्षित साध्वी चन्दनबाला इसका प्रत्यक्ष प्रमाण है। महावीर के धनाढय शिष्य शालीभद्र की माताजी राजगृहनगरी की बड़ी व्यापीर थी मगध सम्राट से बढ कर उसकी सम्पत्ति थी महावीर की शिष्य मृगावती ने अपने पति शतानिक की मृत्यु के बाद स्वयं राज्य संभाला था दुनिया के कई हिस्सों में नारी आज भी प्रताडित है जबकि आज से करीब 2600 वर्ष पूर्व यह विरासत भगवान महावीर से हमें प्राप्त हुई थी। भगवान महावीर ने कहा था एगा मनुष्य जाइ। मनुष्य जाति एक है सबको जीवन विकास के लिए धर्म साधना के लिए पूर्ण स्वतन्त्रता है।

जीवन पर्यन्त जन जन के कल्याण हेतु धर्म प्रभावना करते हुए बहतर वर्ष की आयु में सोलह प्रहर की अखण्ड देशना में सुखःदुख विपाक एवं उत्तराध्यान सूत्र फरमाते हुए पावा पुरीमें स्वाति नक्षत्र में प्रभु निर्वाण पद को उपलब्ध हुए। वर्तमान में वर्धमान (महावीर) के इस अमूल्य उवाच की नितान्त पालन करे की हम सबको आवश्यक्ता है जीवन लोक एवं परलोक दोनों के निश्रेयस के लिए, दौनों के कल्याण के लिए है क्योंकि तुम इस लोक में जीते ही हो और परलोक में भी तुम्हें जीना ही है, अगर यह लोक सुन्दर न हुआ तो परलोक कैसे सुन्दर होगा।

आज हमें निम्न वाक्यों से महावीर की शरण लेनी चाहिये जिसने रागद्वेष कामादिक जीते सब जग जान लिया। सब जीवों को मोक्ष मार्ग का निस्पृह हो उपदेश दिया बुद्धवीर, जिन हरि हर ब्रह्मा या उसको स्वाधीन कहो।

भक्ति भाव से प्रेरित हो, यह चित्त उसी में लीन रहो ॥

भूले भट के विश्व को फिर से नई राह मिले सचमुच आज महावीर जैसे ज्ञान की जरूरत है।

**शत-शत वन्दन....**

**- जसराज देवडा धोका**



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last month quiz :**

1) Y
2) B
3) I
4) X
5) T
6) C
7) P
8) V
9) U
10) O

**The persons who have given correct answers are-**

1) Bhoomika Sawla
2) Bhavana Paresh Karani
3) Bharati K. Dharod
4) Chandrika Savla
5) Dhrupti Himesh Kumar Dedhia
6) Dhruv Mehta
7) Dhairya Boricha
8) Disha Kunal Nandu
9) Devank Shah
10) Eesha Chawhan
11) Femi Gada
12) Heena V. Dhedia
13) Hemali Kantilal Mota
14) Hetvee Ravindra Gosar
15) Jayant Shah
16) Jyoti Laxmichand Nagda
17) Kkshitij Kapadai
18) Khush Kailash Chheda
19) Khyati H. Shah
20) Kiresh Naveen Nagda
21) Khushboo Shah
22) Mythri Sunil Chheda
23) Mayank Ajay Pasad
24) Mili Rana
25) Moksh Ajay Shah
26) Preeti Nalin Shah
27) Preksha Gosar
28) Pragna Jayendra Mehta
29) Payal Hiral Vora
30) Pramila Amrutlal Nagda
31) Nita D. Malde
32) Smita D. Mamania
33) Surabhi Chandrakant Gola
34) Sushma Shah
35) Sonal P. Gosar
36) Vandana Rana
37) Vinod J. Shah
38) Veena K. Gosar
39) Urvi Samkit Lodaya
40) Yashita Dehia

**Quiz for the Month :-**

**Answers to the following phrases should have a name of a colour in it. For example, A religious place in Punjab - GOLDEN TEMPLE**

1) Name of an Ice cream ________________
2) A Lifetime punishment in British India _______
3) A Brand of Whiskey ____________________
4) A Vegetable __________________________
5) A Sea _______________________________
6) Adult Movie called ____________________
7) A Citrus Fruit ________________________
8) Shoe Polish _________________________
9) Lord Shiva __________________________
10) A Mountain's Name __________________

**પત્ર પેટી :** ગત માસ રવિવાર તા. ૨૭-૩-૨૦૧૬ ના એક આનંદ પર્યટન (પીકનીક) શાંતિવન સમિતિના નેજા હેઠળ આયોજીત કરવામાં આવેલ. સ્થળ ગોલ્ડન થ્રેશહોલ્ડ રિસોર્ટ, મોઈનાબાદ હતું. પીકનીકનું આયોજન સુવ્યવસ્થિત હતું તે બદલ સંચાલક હંસકુમાર અને સાથીઓ અભિનંદન ને પાત્ર છે.

સંપૂર્ણ આયોજન વ્યવસ્થિત અને આનંદ દાયક હતું. ખાસ કરી રમતો ગેમ્સ માટે હિતેન સંગોઈ અને નીતા માલ્દેનું આયોજન સરાહનીય હતું. એક સસ્તી સુખડી ને સિધ્ધપૂરની યાત્રા જેવું પર્યટન અવિસ્મરણીય રહશે.



પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઇટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
(જા.ખ.)
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫,
પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

---

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રાનો આયોજન થાય છે. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન થાય છે. વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર નકરો છે. આવા સુંદર આયોજનનો લાભ જરૂરથી લેશો તથા અન્યોને પણ લાભ લેવા અનુમોદિત કરશો.

શ્રી સંઘના દશાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં આયોજીત અનેક કાર્યક્રમમાં આજીવન સભ્યપદની નોંધણી પૂરજોશમાં ચાલુ છે. આપશ્રી હજી સુધી આજીવન સભ્ય ન બન્યા હોતો રૂા. ૫૦૧/- ભરી શ્રી સંઘના આજીવન સભ્ય બનવા આગ્રહભરી વિનંતી છે. આજીવન સભ્યને શ્રી કુલપાકજી તથા મેડચલ તીર્થ યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે.

## "શ્રી ભાંડકજી તીર્થ યાત્રા"

રવિવાર તા. ૧૪ ઑગસ્ટ ૨૦૧૬ તથા સોમવાર તા. ૧૫ ઑગસ્ટ ૨૦૧૬ (સ્વતન્ત્રતા દિવસ) બે દિવસ ની રજા આવે છે. તે સમયે શ્રી ભાંડકજી તીર્થ યાત્રાનો આયોજન કરવામાં આવેલ છે. શનિવાર તા. ૧૩-૮-૨૦૧૬ ના પ્રસ્થાન કરી ૧૪ ઑગસ્ટના ભાંડકજી પહોંચશુ તથા બે દિવસ સુંદર આરાધના કરી તા. ૧૫ મીના રાત્રે ત્યાંથી રવાના થઈ ૧૬મી ના સવારના પાછા ફરશું. જો શક્ય હશે તો આજુબાજુની પંચ તીર્થ કરવાનું પ્રયત્ન કરશું. ચાર મહિના પહેલા રેલ્વેની ટિકીટ બુક થાય છે માટે તા. ૧૦ એપ્રીલ ૨૦૧૬ સુધી નકરાના રૂા. ૧૦૦૦/- ભરી નામો સંચાલક પાસે નોંધાવશો. (નામ, ઉંમર તથા ફોન નંબર સાથે) આ તીર્થ યાત્રાના સફળ આયોજનથી દશાબ્દી વર્ષ નિમિત્તે અનેક કાર્યક્રમ નો આયોજન કરવા પ્રેરણા મળશે. માટે આપશ્રીના સાથ-સહકાર શ્રી સંઘના પ્રગતીમાં સહાય રૂપ થશે.

(જી.પ.)

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના
કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ
હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર